**ફોજદારી પરચુરણ અરજી નં. ૭૯/૨૦૨૫, નાં કામે અરજદાર કાકડીયા શુભમ જગદીશભાઈ, ઉ.વ.આ. ૨૫, ધંધો–વેપાર, રહે. ગરબી ચોક, રોઘેલ, તા. જામકંડોરણા, જી. રાજકોટ નાઓની બેંકમાં ફ્રીઝ થયેલ રકમ મુકત/રીફંડ કરવા માટે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૪૯૭ અને ૫૦૩ ની અરજી લગત હુકમ.**

==========================================================================

(૧) અરજદારની અરજી તથા અરજી સાથે રજુ થયેલ સાધનીક કાગળો વંચાણે લીધા. અરજદાર તરફે વિ.વકિલ શ્રી બી.ટી.કોયાણી નાઓને સાંભળ્યા.

(૨) હાલની અરજી અરજદારે બી.એન.એસ.એસ. ની કલમ : ૪૯૭ અને ૫૦૩ અન્વયે પોતાની માલિકી/કબજા ભોગવટાનો મુદામાલ રકમ અરજદારના Bank of Baroda (Including Vijaya Bank and Dena Bank) ના ક્રેડીટ કાર્ડ/ખાતા નં. 93800100010628 માંથી રકમ રૂા. ૨૫,૦૦૦/– (અંકે રૂપીયા પચ્ચીસ હજાર પૂરા) સાઈબર ક્રાઈમના બનાવમાં તેના બેંકના ખાતા માંથી ઉપડી ગયેલ, જે બાબતે અરજદારએ ફરિયાદ કરતા સાઈબર ક્રાઈમની ફરિયાદ ટીકીટ નં. 21110230019805 તારીખ ૨૬–૧૦–૨૦૨૩ થી રજિસ્ટર્ડ કરવામાં આવેલ છે, જે અન્વયે સામાવાળાના Bank of Baroda (Including Vijaya Bank and Dena Bank) ના ખાતા નં. 46348100004429 માં ગયેલ નાણા રૂા. ૨૪,૪૦૦/– (અંકે રૂપીયા ચોવીસ હજાર ચારસો પુરા) તથા Bank of Baroda (Including Vijaya Bank and Dena Bank) ના ખાતા નં. 46348100004429 માં ગયેલ નાણા રૂા. ૬૦૦/– (અંકે રૂપીયા છસ્સો પુરા) ખાતામાં ફ્રીઝ થયેલા છે તે પરત મેળવવા સારૂ દાખલ કરેલ છે.

અરજદાર તરફે રજુઆત છે કે, સદર મુદામાલ રકમ પોલીસ ધ્વારા અરજદારની ફરિયાદ ને આધારે ફ્રીઝ કરવામાં આવેલ છે અને સદર ફ્રીઝ થયેલ રકમ અંગે આજદીન સધી અન્ય કોઈ વ્યકિતએ કલેઈમ કરેલ નથી. સદરહુ રકમ વધુ સમય બેંકમાં પડી રહે તો અરજદારને નાણાંકીય કટોકટીનો સામનો કરવો પડે અને સદર નાણાંનો ઉપયોગ ન કરી શકવાથી તેઓને ઘણી અગવડતા પડે તેમ છે. જેથી અરજદારે સદર મુદામાલ રકમ તેઓને પરત આપવા માંગણી કરેલ છે. જેથી અરજદારે સદર મુદામાલ રકમ અંગે અરજદારના Bank of Baroda (Including Vijaya Bank and Dena Bank) ના ખાતા નં. 93800100010628, IFSC-BARB0DBRAYA ખાતામાં તેઓને નાણા પરત આપવા માંગણી કરેલ છે.

(૩) અરજદારની અરજી અન્વયે આ કામે પોલીસ અભિપ્રાય મંગાવવામાં આવેલ છે. જે અભિપ્રાય મુજબ અરજદારની અરજીની હકીકત મુજબ અરજદારની ફરિયાદના આધારે પોલીસે મુદ્દામાલ રકમ સીઝ કરાવેલ હોવાની હકીકતને સમર્થન આપી આ કામે આજદીન સુધી કોઈ સીઝ થયેલા રકમવાળુ બેંક એકાઉન્ટ સીઝ થયા અંગે ખાતા ધારક કે અન્ય કોઈ વ્યકિતએ કોઇ વાંધો તકરાર લીધેલ ન હોવાનું જણાવી મુદ્દામાલ રકમ પરત સોંપવા અભિપ્રાય આપેલ છે.

(૪) તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય તથા લગત કાગળો ધ્યાને લેતા તેઓએ જણાવેલ છે કે, સાયબર કાઈમનો ભોગબનનારના નાણાં જ્યારે ઓનલાઇન ટ્રાન્સફર થઈ જતા હોય છે ત્યારે આવા નાણાને તાત્કાલીક રોકવા તથા ગુના અટકાવવા માટે ગુજરાત સરકાર ધ્વારા સાયબર આશ્વસ્ત પ્રોજેકટ સામાન્ય નાગરીકો માટે શરૂ કરવામાં આવેલ છે. જે હાલ સ્ટેટ સાયબર ક્રાઈમ સેલ, સી.આઈ.ડી. ક્રાઇમ હસ્તક ચાલુ છે. આ પ્રોજેકટ અંતર્ગત સાયબર ક્રાઇમ ઈન્સિડન્ટ રીસ્પોન્સ યુનીટમાં સાયબર ક્રાઈમનો ભોગબનનારના નાણાં જ્યારે ઓનલાઈન ટ્રાન્સફર થઈ જતા હોય છે તેને તાત્કાલિક રોકવાની કામગીરી કરવામાં આવે છે. સાયબર ક્રાઈમના ભોગબનનાર નાગરીકો સીધી જ પોતાની ફરીયાદ ૧૦૦ નંબર (હાલ ૧૯૩૦) પર ડાયલ કરીને લખાવે છે ત્યારે ઈન્સિડન્ટ રીસ્પોન્સ યુનીટ ધ્વારા એક ટીકીટ નંબર આપવામાં, આવે છે તેમજ સાથો સાથ જે શંકાસ્પદ બેંક ખાતામાં જે તે નાગરીકના નાણાં ગયેલ હોય તે બેંકને નાણાં ફીઝ કરાવવા તેમજ જો નાણાં ત્યાંથી ટ્રાન્સફર થઈ ગયેલ હોય તો તેની માહિતી આપવા માટે તેઓની કચેરીએથી બી.એન.એસ.એસ. ની કલમ ૯૪ તથા ૧૦૬ હેઠળ નોટીસ આપવામાં આવે છે. નોટીસ આધારે બેંકો ધ્વારા આ શંકાસ્પદ રીતે મેળવાયેલા નાણાં ફ્રીઝ કરવામાં આવે છે.

(૫) સદર કામે અરજી સાથે રજુ કરવામાં આવેલ પેપર્સની નકલ ધ્યાને લેતા તેમજ તપાસ કરનાર અમલદાર રજુ કરવામાં આવેલ અભિપ્રાય તથા તેને લગત કાગળો ધ્યાને લેતા અરજદારની અરજીમાં જણાવ્યા મુજબના ખાતા માંથી નાણા ઉપાડી ગયેલ હોવાનું તથા શંકાસ્પદ બેંકના ખાતામાં ટ્રાન્સફર થયાનુ હાલના તબકકે સ્પષ્ટ જણાઈ આવે છે. તદુપરાંત રેકર્ડ પરની હકીકત ધ્યાને લેતા હાલના કામે આજદીન સુધી એફ.આઈ.આર. થયેલ હોય કે હાલના કામે કોઈની ધરપકડ કરવામાં આવેલ હોય તેમ જણાઈ આવતુ નથી તેમજ બનાવ બન્યે આટલો લાંબો સમય પસાર થયેલ હોવા છતાં આજદીન સુધી અરજદાર સિવાય અન્ય કોઈએ સદર નાણાંની અત્રેની અદાલત સમક્ષ માંગણી કરતી કોઈ અરજી કરેલ નથી. તદુપરાંત તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય ધ્યાને લેતા તેઓ સમક્ષ પણ કોઈએ આ નાણાંની માંગણી કરેલ હોય તેમ જણાતું નથી તથા સદરહુ ખાતુ સીઝ કર્યા બાદ ખાતેદાર અથવા તો અન્ય કોઈ વ્યકિતએ ખાતુ સીઝ કર્યા બાબતે તેઓ (પોલીસ) સમક્ષ કોઈ વાંધા તકરાર લીધેલ નથી જેથી તપાસ કરનાર અમલદાર ધ્વારા સદર નાણાં અરજદારશ્રીને પરત આપવા સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે. જેથી અરજદાર સદર નાણાંનો કબજો મેળવવા હકકદાર હોવાનું સદર અદાલતનું માનવુ છે.

(૬) આમ, ઉપર ચર્ચા કર્યા મુજબ સદર કેસની તમામ હકીકત, સંજોગો તથા રજુ દસ્તાવેજો ધ્યાને લેતાં સદર નાણાં બેંકમાં જમા હોય તેથી સદર રકમના દર તેમજ સીરીયલ નંબર બાબતનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તેમજ ભવિષ્ય પણ મુદામાલની ઓળખ બાબતની કોઈ તકરાર કે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તેમજ ભવિષ્યે પણ મુદ્દામાલ ની ઓળખ બાબતની કોઈ તકરાર કે પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ નથી, વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિ. ગુજરાત રાજય, ૨૦૦૩(૧) જી.એલ.એચ. પાના નંબર ૩૦૭ ના ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતા પણ ઉપરોકત જણાવેલ કારણોસર હાલની અરજી મંજુર કરવા પાત્ર જણાતી હોય, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હકમ કરવામાં આવે છે.

**-::હુકમ ::-**

૧) અરજદાર કાકડીયા શુભમ જગદીશભાઈ, ઉ.વ.આ. ૨૫, ધંધો-વેપાર, રહે. ગરબી ચોક, રોઘેલ, તા. જામકંડોરણા, જી. રાજકોટ નાઓની અરજી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૫૦૩ હેઠળ નીચેની શરતોને આધીન ''મંજુર' કરવામાં આવે છે.

૨) અરજદારે માંગણી કરેલ મુદ્દામાલ ની કિમતના દોઢી રકમના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો કરી આપ્યેથી મુદ્દામાલ કુલ રકમ રૂા. ૨૫,૦૦૦/- (અંકે રૂપીયા પચ્ચીસ હજાર પૂરા) કે જે સાઈબર ક્રાઈમની ફરિયાદ ટીકીટ નં. 21110230019805 અન્વયે સામાવાળાના Bank of Baroda (Including Vijaya Bank and Dena Bank) ના ખાતા નં. 46348100004429, IFSC-BARB0BRAHAM માં ગયેલ નાણા રૂા. ૨૪,૪૦૦/- (અંકે રૂપીયા ચોવીસ હજાર ચારસો પુરા) તથા Bank of Baroda (Including Vijaya Bank and Dena Bank) ના ખાતા નં. 46348100004429, IFSC- BARB0BRAHAM માં ગયેલ નાણા રૂા. ૬૦૦/- (અંકે રૂપીયા છસ્સો પુરા) મળી કુલ રૂા. ૨૫,૦૦૦/- (અંકે રૂપીયા પચ્ચીસ હજાર પૂરા) ફ્રીઝ થયેલા છે તે અરજદાર કાકડીયા શુભમ જગદીશભાઈ, ઉ.વ.આ. ૨૫, ધંધો-વેપાર, રહે. ગરબી ચોક, રોઘેલ, તા. જામકંડોરણા, જી. રાજકોટ નાઓનાં Bank of Baroda (Including Vijaya Bank and Dena Bank) ના ખાતા નં. 93800100010628, IFSC-BARB0DBRAYA માં જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે.

૩) વધુમાં હુકમ કરવામાં આવે છે કે, અરજદાર ધ્વારા હુકમ મુજબના જાત જામીન (બોન્ડ) તથા સધ્ધર જામીન પોલીસ સ્ટેશનમાં આપ્યેથી પોલીસ અધિકારી ધ્વારા તે મતલબની જાણ તથા સદર હુકમની જાણ તે તે બેંકને કરવી તેમજ સંલગ્ન બેંકને હુકમ કરવામાં આવે છે કે, તેઓને પોલીસ અધિકારી ધ્વારા અરજદારે હુકમ મુજબના જાત જામીન (બોન્ડ) તથા સધ્ધર જામીન પોલીસ

સ્ટેશનમાં આપેલ હોવાની તથા સદર હુકમની જાણ મળ્યેથી દિન–૧૦ માં સામાવાળાના Bank of Baroda (Including Vijaya Bank and Dena Bank) ના ખાતા નં. 46348100004429, IFSC-BARB0BRAHAM માં ગયેલ નાણા રૂા. ૨૪,૪૦૦/– (અંકે રૂપીયા ચોવીસ હજાર ચારસો પુરા) તથા Bank of Baroda (Including Vijaya Bank and Dena Bank) ના ખાતા નં. 46348100004429, IFSC- BARB0BRAHAM માં ગયેલ નાણા રૂા. ૬૦૦/– (અંકે રૂપીયા છસ્સો પુરા) મળી કુલ રૂા. ૨૫,૦૦૦/– (અંકે રૂપીયા પચ્ચીસ હજાર પૂરા) ફ્રીઝ થયેલા છે તે અરજદાર કાકડીયા શુભમ જગદીશભાઈ, ઉ.વ.આ. ૨૫, ધંધો–વેપાર, રહે. ગરબી ચોક, રોઘેલ, તા. જામકંડોરણા, જી. રાજકોટ નાઓનાં Bank of Baroda (Including Vijaya Bank and Dena Bank) ના ખાતા નં. 93800100010628, IFSC-BARB0DBRAYA માં જમા કરાવી તેની જાણ અત્રેની અદાલતને તથા સંબંધિત પોલીસ સ્ટેશન ને કરવી.

**શરતો ::–**

(૧) અત્રેની અદાલત જ્યારે ફરમાવે ત્યારે અરજદારે આ નાણાં અદાલત સમક્ષ રજુ કરવાના રહેશે.

(૨) ઉપરોકત ખાતાધારક વ્યકિત કે અન્ય કોઈ વ્યકિત સદર નાણાં પર કલેઈમ કરે અને પોતાનો હકક/ હિત પુરવાર કરે તેવા સંજોગોમાં અરજદારે સદર રકમ પરત કરવાની રહેશે.

(૩) સદર મુદામાલ રકમનો કોઈ ગુનાહીત કામે ઉપયોગ કરવો /કરાવવો નહી.

ઉપરોકત શરતો પૈકી કોઈ પણ શરતનો ભંગ થયેથી હાલનો હુકમ આપોઆપ રદ ગણાશે તથા મુદામાલ રકમ ફરીથી જપ્ત થવાને પાત્ર રહેશે તથા બોન્ડ અને જામીનગીરીની રકમ પણ વસુલ કરવાને પાત્ર રહેશે.

હુકમ આજરોજ તારીખ–૧૧ મી, માંહે–માર્ચ, સને–૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : જામકંડોરણા
તારીખ : ૧૧–૦૩–૨૦૨૬

Sd/-
**આકાશ પ્રમોદ વર્મા**
જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
જામકંડોરણા
જજ કોડ – GJ-01707